# પરિશિષ્ટ-૧
# ગાંધીયુગીન ગુજરાતમાં દલિતોદ્ધાર પ્રવૃતિઓની તવારીખ

| વર્ષ | | પ્રસંગ |
|---|---|---|
| ૧૯૧૭ | : | ગોધરામાં સૌપ્રથમવાર ભરાયેલ પહેલી અંત્યજ પરિષદ અને પહેલી અંત્યજ શાળાની સ્થાપના. |
| ૧૯૧૮ | : | નડિયાદમાં બીજી અંત્યજ પરિષદ ભરાઇ હતી. |
| ૧૯૧૯ | : | વિઠ્ઠલભાઇ પટેલના પ્રયાસોથી નડિયાદમાં હરિજન શાળા શરૂ થઇ.ત્રીજી અંત્યજ પરિષદ સુરતમાં મળી જેના પ્રમુખ ગોકળદાસ પારેખ હતા. |
| ૧૯૨૧ | : | ચોથી અંત્યજ પરિષદ અમદાવાદમા ગાંધીજીના પ્રમુખપણા હેઠળ ભરાઇ હતી. |
| ૧૯૨૨ | : | પાંચમી અંત્યજ પરિષદ આણંદમાં ગોપાળભાઇ દેસાઇ અને કસ્તુરબા ગાંધીના પ્રમુખ પદે ભરાઇ હતી. |
| ૧૯૨૩ | : | અંત્યજ સેવા મંડળની સ્થાપના થઇ. |
| ૧૯૨૪ | : | મજૂર મહાજન સંઘે અસ્પૃશ્યતા નિવારણ સંઘની સ્થાપના કરી હતી. છઠ્ઠી અંત્યજ પરિષદ બોરસદમાં મામાસાહેબ ફડકેના પ્રમુખ પદે મળી હતી. |
| ૧૯૨૫ | : | મૂળદાસ વૈશ્યના પ્રમુખ પદે મહાગુજરાત દલિત(હરિજન) સમાજની સ્થાપના થઇ હતી. સૌપ્રથમ દલિત નેતા તરીકે મૂળદાસ વૈશ્ય નિમણૂંક પામ્યા હતા. |
| ૧૯૨૬ | : | અમદાવાદમાં સૌપ્રથમ અંત્યજ કન્યા છાત્રાલયની શરૂઆત થઇ. |
| ૧૯૩૦-૩૧ | : | લંડનમાં ભરાયેલી પ્રથમ ગોળમેજી પરિષદ જેમાં ડૉ. આંબેડકરે દલિતોના પ્રતિનિધિ તરીકે ભાગ લીધો હતો. ગાંધીજીએ પ્રથમ ગોળમેજી પરીષદમાં ભાગ લીધો ન હતો. |
| ૧૯૩૨ | : | બીજી ગોળમેજી પરિષદ ભરાઇ જેમાં ગાંધીજીએ કોંગ્રેસના પ્રતિનિધિ તરીકે હાજરી આપી હતી. બ્રિટીશ વડાપ્રધાન મેકડોનાલ્ડે કોમી ચુકાદાને જાહેર કર્યો. ગાંધીજીએ કોમી ચુકાદાના વિરોધમાં આમરણાંત ઉપવાસ કર્યાં. ગાંધીજી અને ડૉ. આંબેડકર વચ્ચે કોમી ચુકાદા માટેના વૈચારિક સંઘર્ષ બાદ બંને વચ્ચે સમાધાન, એ પછી પૂના કરાર જે યરવડા કરાર તરીકે પણ |

ઓળખાય છે - કરાર થયા. ગાંધીજીએ હરિજન બંધુ સાપ્તાહિકની શરૂઆત કરી. દેશભરમાં હરિજન દિન રાખવામાં આવ્યો. હરિજન સેવક સંઘની સ્થાપના થઈ હતી.

૧૯૩૩ : હરિજન સેવાના કાર્યકરો માટે ગાંધીજીએ આત્મશુધ્ધિ માટે ૨૧ દિવસના ઉપવાસ કર્યા. બીજો હરિજન દિવસ રાખવામાં આવ્યો હતો. ગાંધીજીએ દેશભરમાં હરિજન યાત્રા નવ મહિના સુધી કરી હતી.

૧૯૩૫ : ભાદરણ તાલુકાના પાટીદારોએ હરિજનોના પાક વાઢી નાખ્યા અને તેમના કૂવામાં કેરોસીન નાંખ્યું. કાવિઠાના હરિજનોએ તેમને સતાવતા ગરાસિયા અને રજપૂતો સામે સંઘર્ષ કર્યો.

૧૯૩૭ : મુંબઈમાં ખેર પ્રધાન મંડળની શરૂઆત. આમ હોવા છતાં ૧) ખેડા જિલ્લાના હરિઆળા ગામના કેવળ પટેલે જેઠાને વેઠ કરવા બદલ સખત માર કર્યો. ૨) અમદાવાદથી પોર-કુબડથલ તરફ જતી બસમાં બેસવા જતા એક હરિજન શિક્ષકને ડ્રાઈવર તથા કંડક્ટરે માર્યો. શિક્ષકે ફરીયાદ કરતા ગુનેગારોને શિક્ષા થઈ. ૩) હરિજન બાળા પર સવર્ણોનો બળાત્કાર ૪) દેવકીવણસોલના દલિતોએ વેઠ કરવાની ના પાડતા તેમને ખુદ પોલીસ અમલદારોએ માર્યા.

૧૯૩૮ : મુંબઈ સરકારે (ખેર પ્રધાન મંડળ) હરિજનો માટે હોટલ પ્રવેશનો કાયદો કર્યો હતો. હરિજનોએ હોટલમાં પ્રવેશ કરતાં સવર્ણોએ તે સામે ઝુંબેશ શરૂ કરી.તેથી હરિજનોએ અભૂતપૂર્વ હોટલ પ્રવેશ આંદોલન શરૂ કર્યું, ડાકોરના રણછોડરાયના મંદિરમાં પ્રવેશ કરવા જતા એક હરિજનને વૈષ્ણવોએ મૂઢ માર મારી, મારી નાખ્યો.

૧૯૪૧ : ડૉ. આંબેડકરના પ્રમુખપદે અમદાવાદમાં મળેલી મહાગુજરાત દલિત રાજકીય પરિષદ.

૧૯૪૨ : શીડ્યુલ્ડ કાસ્ટ ફેડરેશનની સ્થાપના.

૧૯૪૬ : ગોધરા અને નવસારીના ગાંધી આશ્રમોમાં તાલિમ પામેલા એક વણકર શિક્ષકે સફાઈ કામદાર યુવતી સાથે વ્યારા મુકામે લગ્ન કર્યું. પ્રગતિશીલ વ્યક્તિઓએ તેને બિરદાવ્યું.

૧૯૪૭ : દલિતોએ મહેસાણા પ્રાંતમાં બસ પ્રવેશ આંદોલન કર્યું હતું.

# પરિશિષ્ટ નં - ૨

## ગાંધીયુગીન ગુજરાતમાં અંત્યજ પરિષદોની તવારીખ

| અનુ.નં. | ક્રમ | વર્ષ | સ્થળ | પ્રમુખ |
|---|---|---|---|---|
| ૧ | પ્રથમ અંત્યજ પરિષદ | ૧૯૧૭ | ગોધરા | ગાંધીજી |
| ૨ | બીજી અંત્યજ પરિષદ | ૧૯૧૮ | નડિયાદ | વિઠ્ઠલભાઇ પટેલ |
| ૩ | ત્રીજી અંત્યજ પરિષદ | ૧૯૧૯ | સુરત | ગોકળદાસ પારેખ |
| ૪ | ચોથી અંત્યજ પરિષદ | ૧૯૨૧ | અમદાવાદ | ગાંધીજી |
| ૫ | પાંચમી અંત્યજ પરિષદ | ૧૯૨૨ | આણંદ | ગોપાળભાઇ દેસાઇ અને કસ્તુરબા |
| ૬ | છઠ્ઠી અંત્યજ પરિષદ | ૧૯૨૪ | બોરસદ | મામાસાહેબ ફડકે |


ગાંધી આશ્રમ - ગોધરા




મામા ફડકે આશ્રમ - ગોધરા


શ્રી મહાત્મા ગાંધીજી


અસ્પૃશ્યતા નિવારણ નું મહાત્મા
ગાંધીજીએ લીધેલુ પ્રથમ જાહેર પગલું.
૧૯૧૭ ના નવેમ્બરની પાંચમી તારીખે આ સ્થળે
અંત્યજ પરિષદ પૂજ્ય બાપુજી એ ભરી હતી. આ
પરિષદમાં સ્વ. નામદાર શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
સન્યાસીના વેશમાં શ્રોતાઓના સમુદાયમાં દૂર
બેઠા હતા.
શ્રી. ઠકકર બાપા એ એમને શોધી કાઢ્યા અને
તેમને પૂજ્ય ગાંધીજીપાસે લઈ ગયા. "પક્ષાપક્ષી ત્યાં
નહી પરમેશ્વર" એ નરસિંહ મહેતાના પદનો ઉલ્લેખ
કરી પક્ષાપક્ષી દૂર કરવાની વાત પૂજ્ય બાપુજી એ કરી.
અંત્યજો સવર્ણો અને મુસ્લીમ શ્રોતાઓ હજારોની સંખ્યામાં
કોઈપણ જાતના ભેદભાવ વિના બેઠાં હતાં. કાયમનુંજ ભંગી અને
અંત્યજોનું સેવા કાર્ય થાય એ હેતુથી અંત્યજ શાળા
શરૂ કરવાનો નિર્ણય પરિષદમાં થયો તે આ સ્થળ.
પહેલી અંત્યજ પરિષદ
(સ્મારક સ્મૃતિ)


શ્રી મામા ફડકે સાહેબ




ગાંધીયુગીન ગુજરાતમાં ભરાયેલી અંત્યજ પરિષદોના સ્થળો